મોતી સમુદ્રના તળિયે છીપમાં પાકે છે તેમ કીર્તિ મૃત્યુ પછી કબરમાં પાકે છે
- તમિલ કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૧ | ૨૪ નવેમ્બર, ૨૦૧૪, સોમવાર ; માગશર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર



(તસવીર : કશ્યપ નિમાવત)

## લઘુત્તમ ૧૪ ડીગ્રી સે. સાથે નગરમાં ઠંડીની જમાવટ : અમદાવાદમાં ૧૫ ડિગ્રી અને નલિયા અને ડીસામાં ૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું

ગાંધીનગર, તા. ૨૩

રાજયના હરિયાળા પાટનગરમાં શિયાળાની ઋતુ હવે જામતી જાય છે. છેલ્લા બે-ત્રણ દિવસથી ઠંડીના ચમકારાએ નગરજનોને આ અહેસાસ કરાવી દીધો છે. નગરમાં આજે પણ લઘુત્તમ ૧૪ ડિગ્રી સે. સાથે નગરનું તાપમાન રાજ્યભરમાં સૌથી નીચી રહ્યું હતું જે આગળના દિવસ કરતા અડધો ડિગ્રી વધુ નીચે રહેવા પામ્યું હતું. દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સેલ્શીયસ રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા સુધી નોંધાયું હતું. અને સાંજે ૪૦ ટકા સુધી રહ્યું હતું. રાજયભરમાં તમામ શહેરોમાં ગાંધીનગર ૪૦ ટકા સુધી રહ્યું હતું. રાજયભરમાં તમામ શહેરોમાં ગાંધીનગર છેલ્લા અઠવાડીયામાં સૌથી ઠંડુ શહેર રહેવા પામ્યું છે.

વાતાવરણમાં આવેલા ઠંડીના ચમકારાએ નગરજનોને રાત્રીના સમયે પંખા બંધ રાખવા મજબુર કરી દીધા છે અને શિયાળા માટેના ગરમ વસ્ત્રો કબાટમાંથી કે માળિયેથી ઉતારવા પડ્યા છે. જો કે હજુ પણ બપોરના સમયે થોડોક ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ સાંજ પડતા રાતભર અને મોડી સવાર સુધી હવે ઠંડીએ તેની પકડ જમાવવા માંડી છે. એક તરફ નવેમ્બર માસના મધ્યથી લગ્નોની સીઝન ધીમે ધીમે પ્રારંભ થઈ રહી છે ત્યારે ઠંડીના પ્રમાણમાં વધારાથી નગરજનો તેમના અગત્યના કામો ઝડપથી આટોપી વહેલાસર ઘરોમાં પુરાઈ જવા લાગ્યા છે. થોડાક દિવસો અગાઉ વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે શિયાળામાં ઉનાળાનો નગરજનોને અનુભવ થયો હતો. પરંતુ છેલ્લા અઠવાડીયામાં એકાએક શિયાળાએ તેની હાજરીનો અહેસાસ કરાવી દેવાનું ચાલુ કરતા જ નગરજનોને ગરમ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં પણ કમળાના કેસો

### છુટા છવાયા કેસો નોંધાયા છે : નવા સેક્ટરોમાં આ કેસો નોંધાયા હોવાનું બહાર આવ્યું છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં પણ છુટા છવાયા કમળાના કેસો મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ત્રણેક દર્દીઓ દાખલ થયેલા છે. જ્યારે સાતેક જેટલા દર્દીઓ ખાનગી દવાખાનાઓમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

ખાસ કરીને શહેરના નવા સેક્ટરો ૪, ૭, ૧૦માં આ કેસો જોવા મળ્યા છે. છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્ર પણ મુંઝવણમાં છે. સામાન્યતઃ આ રોગ પાણી જન્ય રોગ તરીકે ઓળખતો છે. પરંતુ છુટા છવાયા કેસો મળી રહ્યા છે એટલે આ રોગ અન્ય કોઈ સ્થાને દૂષિત પાણી પીવાથી થયાનું મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સિરોલોસીસ જોન્ડીસને કારણે એક વ્યક્તિનું મૃત્યુ પણ નોંધાયું છે. જો કે આ બાબતે હજુ સત્તાવાર સમર્થન પ્રાપ્ત થયું નથી.

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં કમળાના કેસો બાદ હવે ગાંધીનગર શહેરમાં પણ છુટાછવાયા કેસો નોંધાયાનું બહાર આવવા પામ્યું છે.

સે.૪માં કમળામાં સપડાયેલો યુવાન હાલ સારવાર હેઠળ છે. તો સે.૧૦માં આજે એક કેસ મળી આવ્યો છે. સે.૭માં પણ એક કેસ નોંધાયો છે. તો ચારેક જેટલા કેસો સે.૨૨માં આવેલ એક ખાનગી હોસ્પિટલમાં છુટા છવાયા નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. ગરમીની સિઝનને બદલે ઠંડીના પ્રારંભે કમળાના કેસો મળતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.








